ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૦.૮ ડીગ્રી
લઘુતમ : ૨૪.૪ ડીગ્રી
ભેજ
સવારે ૮૬ ટકા ● સાંજે ૮૮ ટકા

ગાંધીનગર તાપમાન

ઉનાવા ખાતે મેરી માટી મેરા દેશ અભિયાન અંતર્ગત દેશના અમર શહિદોને શ્રધાંજલિ

ગાંધીનગર, તા.૧૨

વિશ્વના સૌથી લોકપ્રિય નેતા અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના આહવાનથી આઝાદીના અમૃત મહોત્સવના ભાગરૂપે સમગ્ર દેશમાં મેરી માટી મેરા દેશ અભિયાન શરૂ થયું છે. આ અભિયાનના સંદર્ભે ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલે ઉનાવા ખાતે દેશપ્રેમથી સભર વાતાવરણ વચ્ચે ધ્વજવંદન કરીને રાષ્ટ્રધ્વજને સલામી પાઠવી હતી અને મેરી માટી મેરા દેશ અભિયાન અંતર્ગત દેશના અમર સહિદોને શ્રધાંજલિરૂપે નિર્મિત શીલા ફલકમનું અનાવારણ કર્યું હતું. ઉનાવા ખાતેથી માટી એકત્ર કરી હતી અને આપણા રાષ્ટ્રના બહાદુર શહિદ સપૂતોને વંદના કરવાનો પાવન અવસર પ્રાપ્ત કર્યો હતો.

ગાંધીનગર, તા.૧૨

હર ઘર તિરંગા અભિયાન, ઉન્નત ભારત અભિયાન, એક ભારત શ્રેષ્ઠ ભારત અને ગુજરાત સેન્ટ્રલ યુનિવર્સિટીની દ્રજીજી ટીમ અંતર્ગત ટીંટોડા ગામમાં ત્રિરંગાનું વિતરણ કરવામાં આવ્યું હતું. પ્રો. ભાવના પાઠક અને પ્રો. અતનુ મહાપાત્રાની આગેવાની હેઠળની યુનિવર્સિટીની ટીમે આજે ટીંટોડામાં દરેક ઘરે ત્રિરંગો લહેરાવવાના ઉદ્દેશ્ય સાથે ૫૦૦ જેટલા ધ્વજનું વિતરણ કર્યું હતું. ટીંટોડા ગામ ઉન્નત ભારત અભિયાન હેઠળ પસંદ કરાયેલ ગામ છે અને ગુજરાતની સેન્ટ્રલ યુનિવર્સિટીની પ્રવૃત્તિઓ અહીં થાય છે. તાજેતરમાં સામાજિક જવાબદારી અને સામુદાયિક જોડાણ અભ્યાસક્રમ માટે, વિદ્યાર્થીઓએ ગામના વિવિધ પાસાઓ પર પ્રોજેક્ટ પણ કર્યા.

છાલા ગામે શહીદ જવાનોને શ્રદ્ધાંજલિ અપાઈ

ગાંધીનગર, તા.૧૨

છાલા ખાતે વરસાદી માહોલમાં પણ ગ્રામજનો દ્વારા હાજરી આપીને "આઝાદી કા અમૃત મહોત્સવ અભિયાન" અને "મેરી માટી મેરા દેશ" કાર્યક્રમ અંતર્ગત શહીદ-વીરને શ્રદ્ધાંજલિ આપવામાં આવી તથા "વીરોકા વંદન" કાર્યક્રમઅંતર્ગત દેશ માટે ઉત્કૃષ્ટ કામગીરી કરનાર ને' સન્માનિત કરવામાં આવ્યા.

છાલા ખાતેના આ કાર્યક્રમમાં સરપંચ મેઘનાબહેન ચૌધરી, તલાટી કમ મંત્રી દર્શન શાહ, ગ્રામ પંચાયત સભ્યો, ગામ આગેવાન કિશોરભાઈ (દિલિપભાઈ) પટેલ, પોલીસ સબ ઈન્સ્પેક્ટર ચિલોડા એસ.બી.ચૌધરી અને તા.પં. ગાંધીનગર ના ગ્રામસેવક આઈ.આર.ડી. કોમલબેન નિનામા ઉપસ્થિતિ રહેલ હતા અને છાલા શિક્ષક દિપકભાઈ શુકલાએ કાર્યક્રમનું સફળ સંચાલન કરેલ હતું.

ગાંધીનગરના દૈનિક સમાચારપત્ર ગાંધીનગર સમાચારની સુકાન સંભાળવા બદલ શ્રી કેતનભાઈ પટેલને પોપટસિહ ગોહિલ કાઉન્સિલર, યોગેશ પટેલ પુર્વ સરપંચ રાયસણ, યોગેશભાઈ નાયી પુર્વ સરપંચ કોબા,,રાજેન્દ્રસિંહ વાઘેલા મહામંત્રી વોર્ડ ૧૦ ગાંધીનગર દ્વારા શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.

સરકારી વિજ્ઞાન કોલેજમાં સેમિનાર

ગાંધીનગર, તા.૧૨

ડી.એમ.જી. ભટ્ટ આચાર્યના માર્ગદર્શન હેઠળ સરકારી વિજ્ઞાન કોલેજ, સેક્ટર-૧૫, ગાંધીનગર ખાતે પ્રાણીશાસ્ત્ર વિભાગ દ્વારા વિશ્વ સિંહ દિવસ 'one day seminar on wildlife and ecology'ના કાર્યક્રમનું આયોજન થયેલ હતુ. જેમાં નિવૃત્ત IFS અધિકારી ભરત જે. પાઠક તથા GEER foundation સંસ્થાના જાણીતા એકોલોજિસ્ટ ડૉ. દેવાંશી જોશી મુખ્ય વક્તા હતા. જેમાં કોલેજના આચાર્ય એમ.જી. ભટ્ટ તથા દરેક વિભાગના અધ્યક્ષો, અધ્યાપકો તથા કોલેજના તમામ વિદ્યાર્થીઓએ હાજરી આપેલ હતી.

નહેરુ યુવા કેન્દ્ર ગાંધીનગર દ્વારા મેરી માટી મેરા દેશ કાર્યક્રમનું આયોજન

ગાંધીનગર, તા.૧૨

નહેરુ યુવા કેન્દ્ર ગાંધીનગર દ્વારા આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત મેરી માટી મેરા દેશ કાર્યક્રમનું આયોજન વડસર પંચાયતના સહયોગથી કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ભારતીય વાયુસેના અને ભારતીય થલસેનાના જવાન મોટી સંખ્યામા ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં ટીડીઓ શ્રી કે એસ ચાવડા, લેફ્ટીનેન્ટ કમાન્ડર અંશુમન, એરફોર્સ ઓફિસર પુષ્પાશ્રી, જિલ્લા યુવા અધિકારી પંકજ માડેચા , ખેતીવાડી મદદનીશ નિયામક શશીકાંત પટેલ, તલાટી શ્રી જિગરભાઈ ઉપસ્થિત રહ્યા હતા.

મહાત્મા ગાંધી સાહિત્ય મંચ દ્વારા કવિ સમ્મેલન

ગાંધીનગર, તા.૧૨

ગાંધી પીસ ફાઉન્ડેશન નેપાળ ના તત્ત્વ ધાનમાં મહાત્મા ગાંધી સાહિત્ય મંચ પર ઓન લાઈન કવિ સમ્મેલન યોજાઈ ગયું. આ કાર્યક્રમમાં કુલ ૨૫ જેટલા કવિઓ એ ભાગ લીધો હતો અને રચના ઓ પ્રસ્તુત કરી હતી.

પાલજ સરકારી પ્રાથમિક શાળામાં મેરી માટી મેરા દેશ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૧૨

પાલજ પ્રાથમિક શાળામાં આઝાદીકા અમૃત મહોત્સવ નિમિત્તે મેરી માટી મેરા દેશ કાર્યક્રમ યોજવામાં આવ્યો. આ કાર્યક્રમ અંતર્ગત વીરોના બલિદાન અને વીરો વિશેની માહિતી વક્તૃત્વ સ્પર્ધા ચિત્ર સ્પર્ધા રંગોળી સ્પર્ધા નિબંધ સ્પર્ધા વૃક્ષારોપણ ધ્વજ વંદન વિધિ શપથ સમારોહ તેમજ ગ્રામ પંચાયત સાથે રહીને જનજાગૃતિ કાર્યક્રમ કરવામાં આવ્યા જેમાં વ્યસન મુક્તિ કન્યા કેળવણી વગેરે કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું. ભૂમિ અને માટીનું મહત્વ સમજાવવામાં આવ્યું આ પ્રસંગે શાળાના આચાર્યશ્રી એસએમસી સભ્યો.ગ્રામજનો પંચાયત સભ્યો, કોર્પોરેટર વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

રેડિયન્ટ સ્કૂલમાં ફેન્સી ડ્રેસ કમ્પીટીશન યોજાઈ

ગાંધીનગર, તા. ૧૨

સરગાસણ, ટી.પી.-૯ વિસ્તાર સ્થિત રેડિયન્ટ સ્કૂલ ઓફ સાયન્સમાં પૂર્વ પ્રાથમિક વિભાગના વિદ્યાર્થીઓ માટે 'ફેન્સી ડ્રેસ કમ્પીટીશન'નું આયોજન કરવામાં આવ્યું. આ દિવસે નર્સરી, જુ.કે.જી. અને સી.કે.જી.ના નાના ભૂલકાઓ વીર ભગતસિંહ, મહાત્મા ગાંધીજી, જવાહરલાલ નહેરુ, સુભાષચંદ્ર બોઝ, ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ, આર્મીમેન, પોલીસમેન, સરોજીની નાયડુ વગેરે જેવા ક્રાંતિવીર/સ્વાતંત્ર્ય સેનાનીઓના રોલમાં જોવા મળ્યા. નાના ભૂલકાઓ ક્રાંતિવીર/સ્વાતંત્ર્ય સેનાનીઓનો વેશ ધારણ કરી તેમના દ્વારા ઉચ્ચારાયેલ ડાયલોગ બોલ્યા અને તેમની આગવી શૈલીમાં ટૂંકો અભિનય કરી તેમણે સૌના દિલ જીતી લીધા. શાળા-મેનેજમેન્ટ દ્વારા સ્પર્ધામાં ભાગ લીધેલ તમામ બાળકોને તેમજ તેમને સરસ મજાના વેશમાં તૈયાર કરીને તેમની પાછળ મહેનત કરનાર માતા-પિતાને અને બાળકોને પ્રોત્સાહિત કરનાર શિક્ષકોને અભિનંદન પાઠવવામાં આવ્યા.

સ્વામી વિવેકાનંદ પબ્લિક સ્કૂલ ખાતે ચિત્રસ્પર્ધાનું આયોજન

ગાંધીનગર, તા. ૧૨

સ્વામી વિવેકાનંદ પબ્લિક સ્કૂલ સેક્ટર-૨૪ ખાતે આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે મેરી માટી મેરા દેશનાં અભિયાન હેઠળ ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને દરેક વિદ્યાર્થીઓએ તિરંગા દોરી તેના દરેક રંગોનું મહત્વ સમજ્યુ હતું.

શ્રાવણ માસ નિમિત્તે શ્રી સમસ્ત બ્રહ્મસમાજ સેક્ટર-૨૬માં શિવ આરાધનાનું આયોજન

ગાંધીનગર, તા. ૧૧

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ સેક્ટર-૨૬, ગાંધીનગર દ્વારા પવિત્ર શ્રાવણ માસ દરમ્યાન દર વર્ષની જેમ આ વર્ષે પણ તા. ૧૭-૮-૨૩ થી તા. ૧૬-૯-૨૩ સુધી દરરોજ રાત્રીના ૯ થી ૧૦ દરમ્યાન ભગવાન ભોળાનાથની શિવઆરાધનાનું આયોજન કરેલ છે. તો સેક્ટર-૨૬ના સર્વે રહીશ બ્રહ્મ-પરિવારોને પોતાના ઘરે શિવ-પૂજા અને મહિમ્ન-પાઠ કરાવવા માટે દિવ્યેશભાઈ શાસ્ત્રી (૯૪૨૬૪ ૨૦૨૫૯), નરેન્દ્રભાઈ રાવલ (૯૯૨૪૨ ૨૫૦૬૭) તથા કૌશિકભાઈ જાની (૮૮૪૯૧ ૦૨૭૫૬)નો સંપર્ક સાધવા વિનંતી છે. સાથે સાથે (જુ.કે.જી. થી ધો. ૧૨ તેમજ ડિગ્રી/ડિપ્લોમાં/માસ્ટર્સ/પીએચડી કરતાં તેજસ્વી વિદ્યાર્થીઓને સરસ્વતી સન્માન (ઈનામ વિતરણ) તથા વિશેષ સિદ્ધિ પ્રાપ્ત કરનાર ભૂદેવના સન્માનનું પણ આયોજન કરેલ છે. તો સેક્ટર-૨૬ના સર્વે રહીશ બ્રહ્મ-પરિવારોને જણાવવાનું કે માર્કશીટની નકલ તેમજ ફોટો તા. ૧૯ ઓગષ્ટ મોકલી આપવા વિનંતી કરવામાં આવી છે.

શિહોલિ મોટીમાં મેરી માટી મેરા દેશ અંતર્ગત કાર્યક્રમ

ગાંધીનગર, તા.૧૨

શિહોલી મોટી ગામે મેરી મિટિં મેરા દેશ કાર્યક્રમની ઉજવણી કરવામા આવી જેમા શીલાફલ હમ બનાવવમાં આવ્યું તેની સામે ગ્રામજનોએ પંચપ્રાણ પ્રતિજ્ઞા, સેલ્ફી પાડી ૭૫ વૃક્ષોનુ વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. રીટાયડ આરમેન મિલેટરી, પોલીસ દળના કર્મચારીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. રાષ્ટધ્વજ ફરકાવી રાષ્ટગીત ગાવામાં આવ્યું ત્યાર બાદ હાથમા ગામની માટી ભરીની ગામમાં મિટીયાત્રા યોજવામાં આવી હતી.

શ્રી. જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય ગ્રાન્ટેડ વિભાગ શાળામાંથી એક દિવસીય પ્રવાસ શામળાજી, વિરેશ્વર, શરણેશ્વર અને પોલો ફોરેસ્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાની આશરે ૩૧૫ જેટલી વિદ્યાર્થીની બહેનો જોડાઈ હતી.

મહિલા સ્વચ્છતા જાગૃતિ વિશે વ્યાખ્યાન યોજાયું



ગાંધીનગર, તા.૧૨

સમર્પણ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ ના વુમન ડેવલપમેન્ટ સેલ (CWDC) દ્વારા મહિલા સ્વચ્છતા જાગૃતિ વિશે વ્યાખ્યાન યોજાયો હતો. સમર્પણ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ ના વુમન ડેવલપમેન્ટ સેલ (CWDC) દ્વારા "મહિલા સ્વચ્છતા જાગૃતિ" વિષય પર ખૂબ જ માહિતીપ્રદ અને રસપ્રદ વ્યાખ્યાન યોજાયો હતો. આ કાર્યક્રમમાં ડો. જલધારા પટેલ (એમ.ડી. પગરવ હોસ્પિટલ, ગાંધીનગર) મુખ્ય અતિથિ અને મુખ્ય વક્તા તરીકે હાજર રહ્યા હતા અને સ્તન કેન્સર, સરવિકલ કેન્સર તેમજ મહિલાઓની આંતરિક સમસ્યા વિશે ચર્ચા કરી હતી. આ કાર્યક્રમમાં આશરે ૧૦૦ જેટલી વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમના સફળ આયોજન બદલ કૉલેજના સત્તા મંડળ દ્વારા સીડબ્લ્યુ કમિટીના સભ્યોને અભિનંદન પાઠવ્યા હતા.

શ્રી જે.બી. પ્રાથમિક શાળામાં માટીના રમકડા બનાવવાની પ્રવૃત્તિ

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે.બી. પ્રાથમિક શાળામાં તા. ૧૦-૮-૨૦૨૩ને ગુરૂવારના રોજ ધોરણ ૧ અને ૨ ના કુલ ૧૮૭ વિદ્યાર્થીઓએ માટીમાંથી રમકડા બનાવવાની પ્રવૃત્તિમાં ભાગ લીધો હતો. બાળકોએ માટીમાંથી હાથી, ટેડીબિયર, ચૂલો, ગણપતિ, કાચબો અને શિવલીંગ જેવા જુદા જુદા રમકડા બનાવ્યા હતા. બાળકો આ પ્રવૃત્તિમાં ખૂબ જ ઉત્સાહભેર જોડાયા હતા. તેમાં બાળકોની વિચાર શક્તિનો વિકાસ થાય તે કૌશલ્યનું મહત્વ સમજ્યા. બાળકોને આચાર્ય નિવાબેને અભિનંદન પાઠવ્યા હતા.

જન્મદિને વધામણી

નિર્મલબેન સોલંકી

મંથન ભટ્ટ
કારોબારી સભ્ય
ગાંધીનગર કલ્ચરલ ફોરમ

બરખા જહા

જય પવાર
મો. ૯૪૦૮૦ ૨૬૫૧૬

સૂર્યકાન્ત બારોટ
કાર્યકારી પ્રમુખ, પેન્શનર સમાજ
મો. : ૯૯૧૩૩ ૭૭૩૬૧

ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ.રબારી ખોડાભાઈ હીરાભાઈ ઉ.વ.૫૭, વાવોલ
- સ્વ.સેનમા રાહુલભાઈ બાબુલાલ ઉ.વ.૪૪, ગાંધીનગર
- સ્વ.સોલંકી અમથીબેન મફાજી ઉ.વ.૭૬, આલમપુર
- સ્વ.ચાવડા રામસિંહ પ્રતાપજી ઉ.વ.૭૫, ગાંધીનગર
- સ્વ.ઠાકોર આત્મારામ અંબાલાલ ઉ.વ.૭૦, રાંધેજા
- સ્વ.રબારી જેબરબેન રામજીભાઈ ઉ.વ.૭૫, ઈન્દ્રોડા

આજે આનંદનો ગરબો

ગાંધીનગર, તા.૧૨

માં મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા આનંદનો ગરબો મધુબેન કડીકરના સુમધુર કંઠે તા. ૧૩ રવિવારે રમીલાબેન હરગોવનભાઈ રાઠોડ તરફથી ૧૨૦, સિધ્ધિવિનાયક પાર્ક સોસાયટી, સ્કૂલ ઓફ એચિવર પાસે સરગાસણ, ગાંધીનગર સમય રથીપ કલાકે રાખેલ છે તો સર્વે માઈભક્તોને પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક